## સારાંશ

# બી.એડ. કોલેજ ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની રચના અને અસરકારકતા

ગરાસિયા મહેન્દ્રભાઈ બદરૂભાઈ
માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા એજ્યુકેશન કોલેજ આટકોટ , તા. જસદણ, જી. રાજકોટ

મનુષ્યનુ નિર્માણ કરવુ એ શિક્ષણનો મહત્વનો અને મૂળભૂત હેતુ છે. આજે વિદ્યા એક બાજારું ચીજ બની ગઈ છે. માત્ર ટકાવારી એજ શિક્ષણનો ઉદેશ્ય અને ધ્યેય છે. તેનામા માનવતાનું નામ નિશાન પણ ન હોય તો તે સફળ શિક્ષણની નિશાની નથી. શિક્ષણ માનવીય બને તો જ પરિપૂર્ણ ગણાય.સત્ય વિચાર અને પ્રેમાળ જીવન શિક્ષણનો માનવીય અંશ છે.આથી અધ્યેતા એ બી.એડ. કોલેજોના તાલીમાર્થીઓમાં મૂલ્ય સભાનતા ચકાસવાના હેતુસર પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો. પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જીલ્લાની બે બી.એડ. કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ના ૧૦૦ તાલીમાર્થીઓનો સમાવેશ કર્યોક્ષ્ય હતો. તેમજ સ્થાનિક વિસ્તારોને ધ્યાનમાં રાખીને પાંચ જ મૂલ્યો સંદર્ભ કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. જે અંતર્ગત સ્વરચિત ઉપકરણ તરીકે" મૂલ્ય સભાનતા કસોટીનો" ઉપયોગ કર્યો હતો. સહેતુક નમૂના પસંદગીની રીતે પસંદ કરવામા આવ્યો હતો. અભ્યાસમા મૂલ્ય સભાનતા માટે ના કાર્યક્રમો એ સ્વતંત્ર ચલ અને મૂલ્ય સભાનતા માપદંડ પ્રાપ્તાકો એ પરતંત્ર ચલ લીધા હતા . માહિતી એકત્રીકરણ માં બન્ને જૂથો ને પૂર્વ કસોટી મૂલ્ય સભાનતા કસોટી વર્ષની શરૂઆતમા અને ત્યારબાદ નો જ ઉતર વર્ષના અંતે પૂર્વ કસોટી નો જ ઉતર કસોટી તરીકે ઉપયોગ કરીને બંને જૂથો પાસે થી માહિતી એકત્ર કરવા મા આવી હતી.માહિતી પૃથકકરણ પ્રવિધિ મા મેળવેલ પ્રાપ્તાકો ઉપર સરાસરી પ્રમાણ વિચલન ટી મૂલ્ય જેવી સાંખ્યિકી નો ઉપયોગ કરી પૃથકકરણ કરવામા આવ્યુ હતુ. જેમા પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ ના તાલીમાર્થીઓ એ મૂલ્ય સભાનતા સંદર્ભે ઉતર કસોટી મા મેળવેલા પ્રાપ્તાકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ છે . આ તફાવત પ્રાયોગિક જૂથ ની તરફેણ મા છે . એટલે કે મૂલ્ય સભાનતા કાર્યક્રમો ની હકારાત્મક અસર જોવા મળે છે.

## બી.એડ. કોલેજ ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની રચના અને અસરકારકતા

### ૧.૧ પ્રસ્તાવના :

શિક્ષણ ક્ષેત્રે અનેક વર્ષો થી પ્રયોગો અને ચિતન ચાલ્યા કરે છે તેમ છતા ખાસ પરિણામ આપણે લાવી શકયા નથી. શિક્ષણ માત્ર શિક્ષણ રહયુ છે. શિક્ષણ માંથી કેળવણી ગાયબ છે.

મહાત્મા ગાંધીજી (૧૯૩૭)એ કહયુ છે. કે સાચી કેળવણી મગજ મા પુષ્કળ માહિતી અને આકડાં ઓ ઠાંસવા મા નથી સંખ્યાબંધ પુસ્તકો વાંચી પરીક્ષા પાસ કરવામા નથી પણ ચારિઊ નો વિકાસ કરવામા છે.કુમળો છોડ વાળીએ તેમ વળે તે રીતે બાળકો ના કુમળા હદય પર મૂલ્યો ના સિચંન ની અસર થાય છે. બાળકો ના હદય ને સ્પર્શી જાય એ રીતે એવી પ્રવૃતિઓ આપીને પ્રેરક ]ષ્ટાત કે પ્રસંગો રજૂ કરીને કોઈપણ વિષય ના શિક્ષકે મૂલ્ય શિક્ષણ નેઅસરકારક ને જીવંત બનાવી શકાય.

શિક્ષકો પરિવર્તન માં ભાગ ભજવનાર પ્રબળ પરિબળો હોવાથી તેઓ બાળકો માં મૂલ્ય સિચંનની ભૂમિકા ભજવી શકે તેમ છે. આથી ભાવિ શિક્ષકો એવા તાલીમાર્થીઓ મૂલ્યો પ્રત્યે પોતાની સ્વજાગ તિ એટલે પોતાના વ્યકિતત્વ ની ઓળખ કેટલે અંશે ધરાવે છે ? તેઓ માં મૂલ્યો ની સભાનતા કેટલી ? એવા પ્રશ્નો ના ઉતર મેળવવાનો અત્રે પ્રયત્ન કર્યો છે. આથી પ્રસ્તુત અભ્યાસ બી. એડ. કોલેજો ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની રચના અને અસરકારકતા સિંદર્ભે હાથ ધરાયો હતો.

**૧.૨ સમસ્યા કથન :**

પ્રસ્તુત અભ્યાસ મા નીચે મુજબ ની સમસ્યા પસંદ કરવામાં આવી હતી.

" બી.એડ. કોલેજ ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની રચના અને અસરકારકતા "

**૧.૩ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા:–**

**શબ્દોની વ્યાવહારિક વ્યાખ્યાઓ**

મૂલ્યને અંગ્રેહ શબ્દોમાં અબિ્ભ કહેવામાં આવે છે.

મૂલ્ય્ ગુણ, કિંમત

તાલિમાર્થી્ શિક્ષણની તાલિમ લેનાર વિદ્યાર્થી

**૧.૪ અભ્યાસના હેતુઓ :**

પ્રસ્તુત અભ્યાસ મા નીચે મુજબ નાહેતુઓ નકકી કરવામાં આવ્યો છે.

૧. બી. એડ. કોલેજો ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની રચના કરવી.

૨. બી. એડ. કોલેજો ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની અજમાયશ કરવી.

૩. બી. એડ. કોલેજો ના તાલીમાર્થીઓ માટે મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ ની અસરકારકતા ચકાસવી.

**૧.૪ અભ્યાસમા સમાવિષ્ટ ચલ :**

સ્વત્રંત ચલ – મૂલ્ય સભાનતા વિકાસકાર્ય ક્રમ

પરત્રંત ચલ – કસોટી દ્વારા પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંકો અંકુશિત ચલ – બી. એડ. કોલેજો ના તાલીમાર્થીઓ

**૧.૫ અભ્યાસ ની ઉત્કલ્પનાઓ :**

જ઼ ર તાલીમાર્થીઓ ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ ના પૂર્વ કસોટી ના પ્રાપ્તાકોના સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

જ઼ : તાલીમાર્થીઓ ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ ના પૂર્વ કસોટી ના ઉતર કસોટીના પ્રાપ્તાકો ની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**૧.૬ અભ્યાસનુ ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસ નુ સીમાંકન નીચે મુજબ કર્યુ હતુ.

૧. બી. એડ. કોલેજો ના તાલીમાર્થીઓ પર પ્રયોગ કાર્ય કરેલ હોવાથી સંશોધન નુ ક્ષેત્ર શિક્ષક પ્રશિક્ષણ છે.

૨. શિક્ષક પ્રશિક્ષણ ની સંસ્થાઓમાં મૂલ્ય વિકાસ સંદર્ભે કાર્યક્રમો નુ આયોજન કરવામાં આવેલ છે. તેથી

પ્રસ્તુત અભ્યાસ મૂલ્ય શિક્ષણ ના ક્ષેત્ર ને પણ સ્પર્શે છે.

**૧.૭ અભ્યાસનું મહત્વ :**

પ્રસ્તુત અભ્યાસ સાપ્રત સમય માં શિક્ષણ જગત માં મૂલ્યલક્ષી કેળવણી નો હાસ થતો જોવા મળે છે.તેથી તાલીમાર્થીઓમાં રહેલા મૂલ્યોની ખીલવણી કરવા કેવા પ્રકારનું પ્રશિક્ષણ આપવું તે નકકી કરવા શિક્ષક–પ્રશિક્ષક સાથે સંકળાયેલા વ્યકિતઓને ઉપયોગી બનશે.

પ્રશિક્ષણાર્થીઓ ભાવી શિક્ષકો છે. તેથી ભારતના ભાવીનું ઘડતર તેમના હાથમાં રહેલું છે, ત્યારે પ્રશિક્ષણાર્થીઓ સ્વનિરીક્ષણ કરી શકશે કે પોતે કયાં છે અને પોતાનામાં કેવા પ્રકારના મૂલ્યો નિહિત છે ?

આચાર્યો તથા અધ્યાપકો એ પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં કેવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવું તેનાથી માહિતગાર થશે.

**૧.૮ અભ્યાસની મર્યાદા :**

૧. પ્રસ્તુત અભ્યાસ રાજકોટ હ્લ્લા મા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ

પૂરતો સીમિત હતો.

૨. શૈક્ષણિક વષ ૨૦૧૭–૧૮ના બી. એડ ના ૧૦૦ તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૩. પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત ઉપકરણ તરીકે મૂલ્ય સભાનતા કસોટી નો ઉપયોગ કર્યો હતો.

**૧.૯ વ્યાપવિશ્વ અને નમુના પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્ર યુનિવસિટી સંલગ્ન બી.એડ. કોલેજોએ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતું. જે પૈકી રાજકોટની હ્લ્લાની સ્વનિર્ભર બી.એડ. કોલેજોના વષ ૨૦૧૭–૧૮માં અભ્યાસ કરતા કુલ ૨૦૦ તાલીમાર્થીઓમાંથી સહહેતુ નમુના પ્રયુકિત થી બે કોલેજો પસંદ કરવામાં આવેલ. તથા બંને બી.એડ. કોલેજોમાંથી ૫૦–૫૦ તાલીમાર્થીઓને યાર્દચ્છિત નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

**૧.૧૦ કાર્યક્રમ સંરચના :**

પ્રસ્તુત અભ્યાસ માટે મૂલ્ય સભાનતા વિકાસને કાર્યક્રમ રચના કરવામાં આવી હતી.જે માટે સંદર્ભ સાહિત્ય અને પૂર્વ થયેલા સંશોધનનો અભ્યાસ કરી મૂલ્ય સભાનતાના વિકાસ કાયક્રમના સોપાનોને ધ્યાનમાં રાખી કાર્યક્રમ રચના કરી હતી.

**૧.૧૧ અભ્યાસનું ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસ બી.એડ. કોલેજોના તાલીમાર્થીઓની મૂલ્ય સભાનતા ચકાસવાની હોવાથી અભ્યાસ કે સ્વરચિત ઉપકરણ તરીકે મૂલ્ય સભાનતા કસોટીનો ઉપયોગ કર્યો હતો.

**૧.૧૨ માહિતીનું એકત્રીકરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી બે તબકકામાં મેળવવામા આવીહતી પ્રથમ તબકકા માં બી એડ કોલેજો ના પ્રાયોગિક અને નિયંત્રિત બન્ને જૂથના તાલીમાર્થીઓને મૂલ્ય સભાનતા કસોટી (પૂર્વકસોટી)વર્ષની શરૂઆત માં આપવામાં આવે હતી. મૂલ્ય સભાનતા વિકાસ કાર્યક્રમ દ્વારા બંને જૂથોને અધ્યયન–અધ્યાપન કાર્ય કરાવામાં આવ્યું હતું. ત્યાર બાદ વર્ષના અંતે ઉતર કસોટી આપી બન્ને જૂથો પાસે થી માહિતી એકત્ર કરવામા આવી હતી.

**૧.૧૩ માહિતીનુ પૃથ્થકકરણ ની પ્રવિધિ :**

પ્રસ્તુત અભ્યાસમાં પૂર્વકસોટી તથા ઉતર કસોટી દ્વારા મેળવેલ પ્રાપ્તાકો ઉપર સરાસરી, પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય જેવી સાંખ્યકી નો ઉપયોગ કરી માહિતી નુ પૃથકકરણ કરવા મા આવ્યું હતુ.

**૧.૧૪ અભ્યાસના તારણો, માહિતીનું અર્થઘટન :**

૧ પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જુથના તાલીમાર્થીનીઓ તે મૂલ્ય સભાનતા સંદર્ભે પૂર્વ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. આથી કહી શકાય કે મૂલ્ય સભાનતા કસોટી સંદર્ભે બંન્ને જુથો સામ્યતા ધરાવતા હતા.

૨. પ્રાયોગિક તથા નિયંત્રિત જુથના તાલીમા ર્થીઓએ મૂલ્ય સભાનતા સંદર્ભે ઉતર કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અને આ તફાવત પ્રાયોગિક જૂથની તરફેણમાં છે. આથી કહી શકાયકે પ્રાયોગિક જૂથ પર મૂલ્ય સભાનતા કાર્યક્રમોની હકારાત્મક અસર જોવા મળી છે.

૩. નિયંત્રિત તાલિમાર્થી કરતા પ્રયોગિક જૂથોના તામાર્થીઓની મૂલ્ય સભાનતા કાર્યક્રમની અસર ઉચ્ચ જોવા મળી હતી.

**૧.૧૫ ઉપસંહાર :**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ રાજકોટ જીલ્લાની બી.એડ. કોલેજોના તાલીમાર્થીઓમાં મૂલ્ય સભાનતા ચકાસવાનો હોવાથી મૂલ્ય સભાનતા કાર્યક્રમોનું આયોજન કર્યુ,જેમના દ્વારા મૂલ્ય અંગેની સભાનતા જાણવા મળી. તેમજ તાલીમાર્થીઓમાં સજાગતા કેળવવા માટે કેવા કાર્યક્રમો કરવા તે અંગે માર્ગદર્શન પણ મળ્યું છે. આ માર્ગદર્શન શિક્ષક–પ્રશિક્ષણને વધુ અર્થ સભર બનાવવામાં ઉપયોગી બનશે.

## સંદર્ભ સૂચિ


દેસાઈ, એચ.હ્ર. અને કે.હ્ર. દેસાઈ (૧૯૯૭). **સંશોધન ૫  તિઓ અને પ્રવિધિઓ (છઉઁી આવૃતિ)**, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

દેસાઈ, કે.હ્ર., જે.એચ. શાહ અને આર.પી.શાહ (૧૯૮૪). **શૈક્ષણિક પરિભાષા અને વિભાવના**, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

ઉચાટ, ડી.એ.  તથા અન્યો (૧૯૯૮). **સંશોધન અહેવાલ નું લેખન શી રીતે કરશો?** રાજકોટ નિદ્વýન સાઈકો સેન્ટર.

ઉચાટ, ડી.એ.  (૨૦૦૯). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમા સંશોધનનુપધ્ધતિશાસ્ત્ર**. સાહિત્ય મુ   ણાલય પ્રા.લિ.

પટેલ, આર.એસ. (૨૦૧૩). **શિક્ષણ માં  સંશોધન ભાગ :૧અને ભાગ : ૨,** અમદાવાદ : જય પદ્બલ્લકેશન.